સાચવેલો હોય છે. સફેદ સાબુદાણા જેવી ગળી ગોળીએ સુગર (ખાંડ) માંથી બનાવેલ સુગર-બોલ જ છે. તે દવા નથી. પરંતુ પ્રવાહી સ્વરૂપે રહેલ દવા દર્દીને આપવી હોય ત્યારે આ પ્રવાહી દવાના થોડા ટીંપા સુગર ઉપર મુકીને આપવામાં આવતા હોય છે. આમ સફેદ ગળી ગોળીએ વાહક તરીકે કામ કરે છે. એક સરખી દેખાતી ગોળીમાં પ્રવાહી સ્વરૂપમાં રહેલી જે દવા મિક્ષ કરીએ તે ગોળી તે દવા બને છે.

❖ **હોમિયોપેથીક દવાની આડઅસર હોય છે ?**

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે હોમિયોપેથીક દવાની આડઅસર હોતી નથી. પરંતુ સાવ એવું નથી. જો કોઇ ખોટી દવા જે આપના બંધારણ પ્રમાણે ન હોય અને એ દવા લાંબો સમય સુધી લેવામાં આવે તો તેની વિપરીત અસર થઇ શકે છે. માટે લાંબી સારવાર ડૉક્ટરની સલાહ પ્રમાણેજ કરવી જોઇએ. પરંતુ જુના હઠીલા રોગો માટે ડૉક્ટર પાસે લાંબા સમય સુધી દવા ચાલુ રાખી શકાય છે. તેની કોઇ આડઅસર હોતી નથી.

❖ **સારવાર માટે ડોક્ટર પાસે જતા પહેલા...**

આ સારવારમાં વ્યક્તિના માનસિક તથા શારિરીક બંધારણનો તથા રોગના લક્ષણોનો ખૂબજ ઊંડાણ પૂર્વક અભ્યાસ કરવામાં આવતો હોય છે. એમ કહી શકાય કે દર્દીને સમજવાનો હોય છે. આ માટે જ્યારે આપ હોમિયોપેથીક ડૉક્ટર પાસે જાઓ ત્યારે આપની તકલીફ ઉપરાંત, તમારા સ્વભાવ વિષે (ભય, ક્રોધ, લાગણી, ઇચ્છાઓ, બીજી વ્યક્તિઓ સાથેના સંબંધો તથા વ્યવહાર, માનસિક તાણ, સ્વપ્ના...વગેરે) શરીર વિષે (ભૂખ, તરસ, પરસેવો, ઊંઘ, શું ભાવવું, શું ન ભાવવું...વગેરે) શક્ય એટલી વધારે માહિતી આપવા પ્રયત્ન કરો. માટેજ સારવારની શરૂઆતની ડૉક્ટર સાથેની મુલાકાત ઘણો સમય માગી લે છે.

❖ દર્દીએ અગાઉથી સમય નક્કી કરીને જ મળવાનું રાખવું.

❖ ડૉક્ટર સાથેની મુલાકાત વખતે દર્દીએ એકલા જ મળવું જોઇએ, મિત્રો-સંબંધીઓને સાથે રાખવાનો આગ્રહ ન રાખવો.

❖ શરમ, સંકોચ છોડીને ડૉક્ટરને પોતાના વિષે બધીજ વાતો કરો.

❖ દર્દીએ પોતાના બધાજ રીપોર્ટ તથા દવાઓ સાથે રાખવી.